ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૫ જુલાઈ, ૨૦૨૬

અસાધારણ સિદ્ધિઓ કે સામાન્ય સવલતો?

સપનાં બુલેટ ટ્રેઇનનાં છે પણ મોત મેનહોલમાં મળે છે

મુંબઈમાં ગયા અઠવાડિયે એક માણસ ખુલ્લા મેનહોલમાં પડ્યો અને ગરકાવ થઇ ગયો. ચેમ્બુરમાં ઝાડ પડવાથી એક છોકરાનો જીવ ગયો. મુંબ્રા અને ડોમ્બીવલીમાં ખુલ્લા કેબલ અને ગટરના કારણે બે જણા કરંટ લાગવાથી મોતને ભેટ્યાં. એ પહેલાં ખુદ મેયર જ્યારે વરસાદી કામગીરીની તપાસ કરતા હતા, ત્યારે તેમની પાછળ જ એક કર્મચારી ગટરના ખુલ્લા ઢાંકણામાં પડ્યો! આ અરાજકતા છે, અંધાધૂંધી છે. દુનિયાની આર્થિક રાજધાની ગણાતા શહેરમાં આવી ઘટનાઓ ગણતરીના દિવસોમાં થઇ હોવા છતાં કોઈ નાટ્યાત્મક ફેરફાર ન આવ્યા. કટોકટી માટે કોઇ સત્ર ન ભરાયું. બીએમસીમાં એક કમિટી બની ગઈ અને અઠવાડિયું હંમેશાની માફક આગળ વધી ગયું.

વાત માત્ર મુંબઈની નથી. આસામમાં દર વર્ષે સરકારી કેલેન્ડરની ચોકસાઈની જેમ પૂર આવે છે. ગામો ડૂબે છે, રાહત જાહેર થાય છે, ફોટોગ્રાફ લેવાય છે અને નવેમ્બર સુધીમાં આસામ ભૂલાઈ જાય છે, આવતા જૂનમાં રીપીટ થવા માટે. ગુજરાત, સૌરાષ્ટ્ર,

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

ચેન્નઈ, બેંગાલુરુ, દિલ્હી સુદ્ધા; નામો બદલાય છે, પેટર્ન નથી બદલાતી. ગણતરીના કલાકોના વરસાદમાં શહેરો ભાંગી પડે છે, રસ્તાઓ નદી બની જાય છે અને સોશ્યલ મીડિયા પર તરતી કાર્સના વીડિયોને લાખો વ્યૂઝ મળે છે, પણ જવાબદારીના મામલે કોઇનું અલ્ગોરિધમ મચક નથી આપતું.

વરસાદ અટકે એટલે આક્રોશ પાણી સાથે વહી જાય છે અને આપણે ધીરજથી આવતા વર્ષની રાહ જોઇએ છીએ. આપણે ગર્વથી આને 'રેઝિલિયન્સ' કે 'કેઓસમાં જીવવાની આદત' કહીએ છીએ, પણ ખરેખર તો આપણને જે અસ્વીકાર્ય હોય તેને સ્વીકારવાની રાષ્ટ્રીય આદત પડી ગઇ છે.

જરા સરખા વરસાદમાં શહેરો ધમરોળાઈ રહ્યાં હતાં, લોકો મોતનો કોળિયો બની રહ્યા હતાં ત્યારે આપણું ધ્યાન હતું સોશ્યલ મીડિયા યૂઝરનેમ પોલિસી પર. વોટ્સએપ ડિબેટ સંસદીય મુદ્દો બની ગઈ. બ્યુટિફિકેશન કે ડેકોરેશન બહુ જ જરૂરી છે એવો આભાસ ખડો કરવામાં આપણે અસાધારણ રીતે કુશળ બની ગયાં છીએ. માળખાકીય સમસ્યાઓને આપણે બેકગ્રાઉન્ડ નોઇસ માની લઇએ છીએ.

અઠવાડિયાનો આક્રોશ આવે છે, ટોચ પર પહોંચે છે અને બસ પતી જાય છે. ચોમાસાના લયમાં અને એટલી જ ગંભીરતા સાથે. મેનહોલ ટ્રેન્ડ નથી કરતા, બસ માણસને ગળી જાય છે.

અકાળે મોત પામેલા આ લોકોના સમાચાર સાંભળી આપણે નિસાસા નાખીએ છીએ. બીજો મુદ્દો શું છે? રામ મંદિર આપણે બહુ હોહા કરીને બાંધ્યું. સભ્યતા, સંસ્કૃતિ, ગૌરવ એવી બધી વાતો કરી અને એવું છે પણ ખરું. અબજો રૂપિયા ભેગાં થયા અંતે હૂંડી લૂંટાઈ ગઈ. આ પણે જે

મોટી સિદ્ધિઓની ઉજવણી વચ્ચે તૂટેલા ફૂટપાથ અને ખુલ્લા મેનહોલ વચ્ચે જીવનારાં (કે મરનારાં) નાગરિકોને ભૂલી જઇએ ત્યાં પ્રશ્ન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કે સરકારોનો નહીં સામૂહિક વિવેકનો છે

મુદ્દાની વાત કરવાની છે આજે તેને ધર્મશાસ્ત્ર સાથે કોઈ લેવાદેવા નથી પણ મોટા પાયે ઘોંઘાટ કરતો બધા જ પ્રકારનો પ્રતીકવાદ આપણે એક દેશ તરીકે ક્યાં ઊભા છીએ તેના પ્રામાણિક સમીકરણમાં કોઈ સ્થાન નથી ધરાવતો. આપણે ભવ્યતા ખડી કરવા સક્ષમ છીએ, પ્રતિષ્ઠા, ભક્તિ બધું જ છે પણ પછી સ્મારક છે હૂંડી ગાયબ છે. ગટર ઊભરાય છે અને મેનહોલ ખૂલ્લો રહે છે. સાડાચાર હજાર વર્ષ પહેલાં, વગર ટેક્નોલોજીએ હડપ્પીય સભ્યતાને જે જાહેર વ્યવસ્થા સમજાતી હતી તે આપણે ચૂકી ગયાં છીએ.

સભ્યતાઓનું મૂલ્ય તેની ભવ્ય મહત્વાકાંક્ષાથી નહીં, પણ કપરા સમયમાં તેમણે બનાવેલું શું ટકી ગયું તેનાથી વર્તાય છે. આપણે સ્મારકોથી મોહિત થયાં અને ગટરો ભૂલી ગયાં. આ બધી બાબતો પર સામાન્ય પ્રતિક્રિયા સરકારને દોષ આપવાની હોય છે અને સરકારો એટલે પછી તે મહાનગરપાલિકાની હોય, રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર, દરેક પોતાની જવાબદારીના હિસ્સા જેટલી ટીકા લાયક તો છે જ. પાંચ વર્ષ ટકે તેવા રસ્તાઓ પાંચ મહિનામાં તૂટી પડે છે અને અધિકારીઓ એસી ચેમ્બરમાં બેઠા નાળાઓની તપાસના અહેવાલો પર સહી કરે છે. પણ અહીં કોઇ એક ખલનાયક નથી, વાત આખી માનસિકતાની છે. પોતાના ફાયદા માટે કોઇ બિલ્ડર નાળું પુરાવી દે, આસપાસ રહેનારા બાલ્કનીમાંથી પ્લાસ્ટિક ફેંકી સ્ટોર્મ ડ્રેન બ્લોક કરી દે અને કોર્પોરેટ કેમ્પસની બહારના તૂટેલા ફૂટપાથની જવાબદારી કોઇ ન લે. 'ચલતા હૈ'નો અભિગમ એ આપણી નાગરિક સંસ્કૃતિની ઓપરેટિંગ સિસ્ટમ બની ગઇ છે, જે માત્ર એ વ્યક્તિ માટે કામ નથી કરતી જે મેનહોલમાં પડીને મોતનો કોળિયો બની ગઇ.

અનુસંધાન પાના નં. 4

બાય ધી વે

વિકસિત રાષ્ટ્ર રોજેરોજ અસાધારણ દિવસોનું પ્રોમિસ નથી આપતું, તે સામાન્ય દિવસો પર ભરોસો કરી શકાશે તેની ખાતરી આપે છે-કે વરસાદ પડશે પણ વોટરલોગિંગ નહીં થાય, ફૂટપાથ પર ચાલી શકાશે, મેનહોલ ખુલ્લાં નહીં હોય. આ શાંઘાઇ કે ચીન બનવાનાં સપનાં નથી આ ઓછામાંઓછી અપેક્ષાઓ છે. આપણે સતત અસાધારણ સિદ્ધિઓનો પીછો કરીએ છીએ પણ નાનામાં નાની સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ જઇએ છીએ. દર ચોમાસે ગરકાવ થઇ જતાં શહેરો માટે વરસાદ સમસ્યા નથી. તે ક્યારેય નહોતી. વરસાદ તો વર્ષ એક વાર આવતો મોસમ છે જ્યારે વાસ્તવિકતાને ન તો સંભાળી શકાય છે ન તો તેને કોઇ સ્પિન આપી શકાય છે કે ન ટ્રેન્ડિંગ વિષયોથી ઢાંકી શકાય છે. આ મોસમમાં ખુલ્લા મેનહોલ અવગણવા શક્ય નથી કારણકે કોઇની મોતના સમાચાર આપણે વાંચ્યા હોય છે. વર્ષના બાકીના મહિનાઓમાં આપણી નિયત પ્રાથમકિતાઓ નકારી શકાય તેવી નથી રહેતી. કોઇ રાષ્ટ્રનું મૂલ્ય તે સામાન્ય દિવસોમાં કેવા જોખમો સાથે જીવતા શીખી જાય છે તેના પરથી નક્કી થાય છે અને માટે જ સામાન્ય દિવસે ગોઝારા ન બને તેની સહિયારી જવાબદારી લેવાનો સમય ક્યારનોય પાકી ગયો છે. કદાચ સમસ્યા વરસાદ નથી. કદાચ સમસ્યા એ છે કે આપણે દર વર્ષે વરસાદ પહેલાં બદલાવની રાહ જોઈએ છીએ અને વરસાદ પછી ભૂલી જઈએ છીએ.

AI ચેટબોટ્સ બોર થતાં નથી એટલે પતિ, પત્ની કે મિત્રના રૂપમાં સાથીદારને બોર કરશે

સોશિયલ મિડિયાએ માણસોને વધુ એકલા, વધુ આંતરમુખી, સમાજથી વધુ અળગા બનાવી દીધા છે. જોકે પ્રસિદ્ધ ટેકનોલોજી કંપની 'મેટા'ના પ્રસિદ્ધ માલિક માર્ક ઝૂકરબર્ગ ટેકનોલોજીએ માનવજાત માટે પેદા કરેલી આ નિષ્ફળતાને નિષ્ફળતા ગણતાં નથી. ત્રણેક વરસ અગાઉ એમણે એક લેખ લખ્યો હતો જે વિસ્તૃત મીડિયામાં પ્રગટ થયો હતો. એમણે લખ્યું હતું કે, 'કુદરત કે ટેકનોલોજી દ્વારા પેદા થતી કોઈ પણ સમસ્યાઓ કે તકલીફો એવી નથી હોતી જેનો ટેકનોલોજી વડે હલ શોધી ન શકાય.'

એમના કહેવા પ્રમાણે ટેકનોલોજીએ ઊભાં કરેલા પ્રશ્નોને ઊકેલ ટેકનોલોજી જ શોધી આપશે. પરંતુ ઝૂકરબર્ગ એ વાત ઈરાદાપૂર્વક રાખે છે કે જે પ્રશ્નો પેદા થાય અને તે પ્રત્યે લાંબો સમય બેદરકારી સેવવામાં આવે તો એ પ્રશ્ન કે સમસ્યાનો હલ શોધવાનું મુશ્કેલ બની જાય છે. ઘણી વખત એ ઊકેલ એટલો મહાપ્રશ્ન બની જાય છે કે ઊકેલ કરતા સમસ્યા સારી લાગવા માંડે. દુનિયા સમક્ષ આબોહવા પરિવર્તન અને પર્યાવરણ એ બે સમસ્યા એટલી વિકરાળ અને ખર્ચાળ બની ગઈ છે કે દુનિયા ઝડપભેર તે ઊકેલો તરફ આગળ વધી રહી નથી. એમ કહી શકાય કે બિલકુલ આગળ વધી રહી નથી અને સમસ્યાને વધુ વિકરાળ બનાવે એવી પ્રવૃત્તિઓમાં ફરી ફરી જોતરાઈ જાય છે. આજે સ્થિતિ એવી છે કે દુનિયાની માનવજાત પર્યાવરણ અને ગરમીની સ્થિતિની ગંભીરતા જાણતી હોવા છતાં ઊકેલો તરફ આગળ નથી વધી રહી. તે ઊપાયો અતિશય, ખર્ચાળ છે. માટે આખી માનવ જાત એમ વિચારીને કે સૌનું થશે તે વહુનુ થશે, એક કોકડામાં પુરાઈ ગઈ છે અને જાણે કે સર્વનાશ થવાની રાહ જોઈ રહી છે.

લેખમાં ઝૂકરબર્ગ કહેવટ માગે છે કે, માનવી સામાજિકતાથી અળગો પડી રહ્યો છે, એ નવી સ્થિતિ કે સમસ્યાને AI ચેટબોટ ટેકનોલોજી હળવી બનાવશે. કૃત્રિમ બુદ્ધિમત્તાથી સજ્જ વધુ રમકડાં (સાધનો) માણસની આસપાસ ગોઠવાઈ રહ્યાં છે જે એની એકલતાને ખાળી શકશે. આ ઝૂકરબર્ગનો આશાવાદ છે, જોકે વિવાદિત છે.

કબીરા ખડા બજાર મેં
વિન્સી મરચન્ટ

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ, એક્સAI (એક્સની શાખા), રેડિટ વગેરે માનવજાત સમક્ષ ઝૂનૂનપૂર્વક ચેટબોટ ટેકનોલોજી અને તેનાં અદ્યતન અવતારો રજૂ કરી રહ્યાં છે. એક જગ્યાએ ઝૂકરબર્ગએ એમ પણ કહ્યું છે કે વાસ્તવિક જીવનના સામાજિક તાણાવાણાં અને સંબંધોનો સંપૂર્ણ પર્યાય કૃત્રિમ બુદ્ધિમતા, કમ સે કમ હાલના સમયમાં બની શકશે નહી. છતાં AI થેરપિસ્ટો, AI ગર્લફ્રેન્ડ, AI સલાહકારનું મહત્ત્વ રહેશે. આ કૃત્રિમ વ્યક્તિઓ સાચી વ્યક્તિઓની માફક હાવભાવ વ્યક્ત કરશે, સ્મિત રેલાવશે અને કુદરતી માનવની માફક વાતચીત કરી શકશે. ગયા સપ્તાહમાં આ સ્થંભમાં લખ્યું હતું કે AI જીવનસાથીને રોજ રાત્રે માથું નહી દુઃખે! પણ શું તેનાથી માનવીય ભાવનાઓ, સંવેગનોને અભાવ દૂર થઈ જશે? આ સવાલ પણ વિશદપણે ચર્ચાઈ રહ્યો છે.

આપણે જોઈ રહ્યા છીએ કે સોશિયલ મીડિયા ટેક કંપનીઓનો આર્થિક ફાયદો એ સ્થિતિમાં વધુ છે જેમાં માણસ વધુ અને વધું સમય આજનાં અને ભવિષ્યના સાધનોની સન્મુખ અને સાનિધ્યમાં બેસી રહેશે. આ સાનિધ્યને ક્રમશઃ વધુ આકર્ષક અને વધુ સરળ બનાવવામાં આવી રહ્યું છે. આજે સ્માર્ટફોન કે ડિવાઈસ ખોલો એટલે કોઈક ઉપક્રમ તમને AI સાથે વાતચીત કરાવવા તત્પર બેઠો હોય છે. એમેઝોન ખોલો એટલે 'રુફૂસ' તમારી સાથે વાત કરવા, તમને માર્ગદર્શન આપવા આતુર હોય છે. ઈન્સ્ટાગ્રામ પર 'ચેટ વીથ AI'નું પાટિયું લકટકતું હોય છે. આ ચેટબોટ પણ ધંધાદારી મીઠાશને આગળ રાખીને ઘડવામાં આવ્યા છે. ઘરના સભ્યો, મિત્રો, કે અજાણ્યાઓ જો માનવસ્વરૂપમાં હોય તો વાતચીતમાં તમામ તબક્કે એઠલી નમ્રતા, શાલીનતા ધરાવી રાખતા નથી જે આ AI ચેટબોટ્સ દરેક વખતે જાળવી રાખે છે. દિવસ કે રાત્રિના કોઈપણ સમયે જાળવી રાખે છે. જોકે આ વર્તનની પ્રજા પર સારી અસર પડી શકે છે. અમુક એવાં તત્વો સમાજમાં હોય છે જેઓને બીજાઓ સાથે કેવી રીતે વાતચીત

કુદરત કે ટેકનોલોજી દ્વારા પેદા થતી કોઈ પણ સમસ્યાઓ કે તકલીફો એવી નથી હોતી જેનો ટેકનોલોજી વડે હલ શોધી ન શકાય

કરવી તેનું જ્ઞાન હોતું નથી. જો કોઈનો રંગ નંબર આવી જાય ત્યારે આ બાબતની નોંધ લેજો. ભારતીય જનસમાજમાં આવી શાલીનતાનો સદંતર અભાવ છે. હવે પછીનાં દાયકાઓમાં ચેટબોટ્સના સાનિધ્યમાં શિખે તો AI ઉપક્રમને આશીર્વાદરૂપ ગણવો પડે. ભલે લોકો AIથી ડરી રહ્યા છે પરંતુ ઝડપી અને સાચું શિક્ષણ પ્રાપ્ત કરવા તે મહત્વનું સાધન બનશે. આજે પણ તમે કોઈ AI એજન્ટ સાથે વાતચીત કરો ત્યારે તે તમારા લગભગ તમામ વિચારો સાથે સહમત થશે, જ્યાં નહી થાય ત્યાં એ નમ્રતાપૂર્વક નવા આંકડાઓ, પ્રમાણો અને ઉદાહરણો સાથે નવું જ્ઞાન આપશો. તમે અમુક ખોટી ધારણા પર કેવી રીતે પહોંચ્યા તેનું તમને પસંદ આપે તેવું વિશ્લેષણ આપશો. તમારો અહંમ ન પંપાળશે.

...અનુસંધાન પાના નં. 4 પર

સિલી પોઇંટ સ્ટાફ